# પ્રકરણ-1

# સમસ્યાકથન અને શબ્દોનું પારિભાષિકરણ

# પ્રકરણ-1

# સમસ્યાકથન અને શબ્દોનું પારિભાષિકરણ

1.1.0 પ્રસ્તાવના

1.2.0 અભ્યાસનું મહત્ત્વ

1.3.0 સમસ્યાકથન

1.4.0 ચાવીરૂપ શબ્દોનું પારિભાષિકરણ

1.5.0 અભ્યાસનાં ચલો

1.6.0 અભ્યાસના હેતુઓ

1.7.0 અભ્યાસની ઉત્કલ્પનાઓ

1.8.0 અભ્યાસનું ક્ષેત્ર

1.9.0 અભ્યાસની મર્યાદાઓ

1.10.0 હવે પછીનાં પ્રકરણોનું આયોજન

# પ્રકરણ-1

# સમસ્યાકથન અને શબ્દોનું પારિભાષિકરણ

## 1.1.0 પ્રસ્તાવના

આજનો યુગ-જ્ઞાન વિજ્ઞાનનો યુગ છે. રોજ સવારે અનેક પ્રકારની માહિતી સામે આવીને ઊભી રહે છે. આ જ્ઞાનના વિસ્ફોટની સામે જ્ઞાનની પ્રાપ્તિ થવી પણ જરૂરી છે, નહિતર જ્ઞાનનો શો અર્થ? આ જ્ઞાન પ્રાપ્તિ માટે શિક્ષણની ખૂબ મોટી જરૂરિયાત છે. વિકાસમાન સમાજમાં વિકાસની નવી ક્ષિતિજોને આંબવા માટે વ્યક્તિને શિક્ષણની અત્યંત આવશ્યકતા છે. આજે માનવી જે વિકાસ સાધી શક્યો છે તેના મૂળમાં શિક્ષણ છે અને જે વિકાસ સાધશે તે પણ શિક્ષણને આભારી હશે. આમ, માનવજીવનમાં સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણ અત્યંત આવશ્યક છે. શિક્ષણનો મુખ્ય હેતુ અંતે તો ઉત્તમ નાગરિક તૈયાર કરવાનો છે. માતા-પિતા, શિક્ષક, સમાજ તથા રાષ્ટ્ર વ્યક્તિના ઘડતરમાં ફાળો આપે છે. વ્યક્તિ ઘડતર માટે શિક્ષણ ખૂબ જ આવશ્યક છે.

***Education begins with the starting of life and ends only with the end at life***

કોઠારી પંચના કહેવા પ્રમાણે ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઇ રહ્યું છે. આ ભારતના ભાવિનું ઘડતર કરનારા ભાવિ ઘડવૈયાઓનો એક વર્ગ એટલે આજની શાળાઓના શિક્ષકો. શિક્ષકો વિદ્યાર્થીઓમાં સારી ટેવોનો વિકાસ કરી શકે. વળી એકવાર જે ટેવ પડે છે તેને ટાળવાનું કામ ઘણું મુશ્કેલ પડે છે. **'પડી ટેવ કેમ ટળે, જેમ પડી પટોળે ભાત'**

વિશ્વમાં દરેક વ્યક્તિ એક-બીજાથી અલગ પડે છે. દરેક વ્યક્તિની ટેવોમાં વિવિધતા જોવા મળે છે. સારી ટેવોથી મનુષ્ય જીવનમાં સફળતા મેળવે છે. સારી ટેવોનું નિર્માણ નાની ઉંમરથી થાય તે જરૂરી બને છે. વિદ્યાર્થીઓમાં પણ અભ્યાસ કરવા માટેની અલગ-અલગ ટેવો જોવા મળે છે. દરેક વિદ્યાર્થી સારી ટેવોને જીવનમાં ઉતારે તે ખૂબ મહત્ત્વનું છે. સારા ગુણોને મેળવવા માટે વિદ્યાર્થીઓના જીવનમાં અભ્યાસ કરવા માટેની સારી ટેવો વિકસે તે પણ અત્યંત જરૂરી છે. આ માટે અગત્યની સારી ટેવો વિદ્યાર્થીઓમાં કેળવવાનું કાર્ય શિક્ષકોનું તેમજ માતા-પિતાનું છે.

માણસ એક સામાજિક પ્રાણી છે. તેને અન્ય પ્રાણીઓથી જુદું પાડનારું અને સામાજિક પ્રાણી તરીકે વિકસાવનારું મુખ્ય લક્ષણ ભાષા છે. ભાષા એ માનવ સમાજની આગવી દેણ છે. ભાષા વગરના માનવ સમાજની કલ્પના અશક્ય છે. ભાષા એ પ્રત્યાયનનું અજોડ સાધન છે.

શિક્ષણનું માધ્યમ ભાષા છે. ભાષા શિક્ષણના મુખ્ય બે ઉદ્દેશો છેઃ (1) અભિવ્યક્તિ અને (2) અર્થગ્રહણ. આ ઉદ્દેશોની પ્રાપ્તિમાં શબ્દભંડોળની ભૂમિકા ખૂબ જ અગત્યની છે.

ભાષા લાગણીઓ અને મનોભાવોને અભિવ્યક્ત કરે છે. તેમજ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના પ્રત્યાયનના સેતુને સાંકળવાનું અગત્યનું માધ્યમ છે. શબ્દો ભાષાનો પ્રાણ છે, તેથી શબ્દોનો અર્થ સમજવાની તથા વાપરવાની ક્ષમતા ખૂબ જ જરૂરી છે. શબ્દભંડોળ માનવીના વ્યક્તિત્વ અને વર્તન ઉપર આગવી અસર ઉપજાવે છે. બુદ્ધિકસોટીઓમાં પણ શબ્દભંડોળની ચકાસણીને લગતા પ્રશ્નો મૂકવામાં આવે છે તે આ બાબતનો પુરાવો છે.

આજના સમયમાં પ્રારંભિક શિક્ષણ ભલે માતૃભાષામાં આપવામાં આવે પરંતુ અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા હોવાથી વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દભંડોળ કેટલાં પ્રમાણમાં ધરાવે છે તે જાણવું ખૂબ જ જરૂરી બને છે. કેમ કે, અંગ્રેજીનું યોગ્ય જ્ઞાન ન હોય તો ભવિષ્યમાં વિદ્યાર્થીનો ઉચ્ચ અભ્યાસ અટકી પડે છે તથા અંગ્રેજીનું યોગ્ય જ્ઞાન જુદા-જુદા ક્ષેત્રોમાં યોગ્ય રીતે સમજવા માટે પણ પાયા જેવું કામ કરે છે. તેથી જ અહીં માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓનાં અંગ્રેજીનાં શબ્દભંડોળની કક્ષા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. માધ્યમિક સ્તર એટલા માટે પસંદ કરવામાં આવ્યો છે કે, આ તબક્કાએ બાળક અમુક કક્ષાનું શબ્દભંડોળ ધરાવતો હશે એવી અપેક્ષા રાખી શકીએ. જો આ તબક્કાએ બાળક શબ્દભંડોળની કક્ષામાં નબળો જણાય તો ઉપચાર કાર્ય હાથ ધરી શકાય તેમજ પ્રાથમિક અને માધ્યમિક તબક્કાએ શિક્ષણ વ્યવસ્થામાં સુધારો સૂચવીને એવી વ્યવસ્થા ગોઠવી શકાય કે આ તબક્કા સુધી પહોંચતા બાળક પાસે જરૂરી કક્ષાનું શબ્દભંડોળ હોય.

આજના માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓમાં ખૂબ જ શક્તિઓ રહેલી છે, છતાં પણ અમુક વિદ્યાર્થીઓ નબળી અભ્યાસ ટેવોને કારણે સંપૂર્ણ સફળ થતા નથી. શું વાંચવું ? કેવી રીતે વાંચવું?

ક્યા વિષય માટે કેટલા સમયની વહેંચણી કરવી? કેટલો સમય વાંચવા માટે ફાળવવો? વગેરે જેવા અનેક પ્રશ્નો વિદ્યાર્થીઓને સતાવે છે. તેમાં પણ અંગ્રેજી ભાષા શિક્ષણમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. અંગ્રેજી ભાષાનો ડર વિદ્યાર્થીઓને વધુ સતાવે છે, ખાસ કરીને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાથી દૂર ભાગે છે અને તેને અભ્યાસ માટે પુરતો સમય આપતા નથી જેની અસર તેમની અભ્યાસ ટેવો અને છેવટે પરિણામ પર પડે છે. સંશોધકને અંગ્રેજી ભાષાના અભ્યાસની બાબતોમાં વિદ્યાર્થીઓની આ મનોમંથનવાળી સ્થિતિનો અહેસાસ થયો અને વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાના અભ્યાસ માટે કેવા પ્રકારની અભ્યાસ ટેવો ધરાવે છે, કેટલું શબ્દભંડોળ ધરાવે છે તથા તે આધારીત તેમની અંગ્રેજી ભાષામાં શૈક્ષણિક સિદ્ધિ કેટલી છે તે વચ્ચેના સંબંધો જાણવા માટે જીજ્ઞાષા થઇ આથી પીએચ.ડી. ના સંશોધનના ભાગ રૂપે આ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

### 1.2.0 **અભ્યાસનું મહત્ત્વ**

અભ્યાસકે સંશોધન કરતાં પહેલા જે સમસ્યા  પસંદ કરી હોય તેનું સંશોધનકાર્ય વર્તમાન સમયમાં ક્યાં ઉપયોગી બનશે એ પ્રશ્ન મહત્ત્વનો છે. તેથી અભ્યાસકે અભ્યાસનું મહત્ત્વ જણાવવું જરૂરી બને છે. કોઇપણ અભ્યાસને પોતાનું આગવું મહત્ત્વ હોય છે. પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ નીચે પ્રમાણે છે.

વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળ જાણી શકાશે તથા અગ્રેજી વિષયની સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેનો સંબંધ જાણી શકાશે. શિક્ષણ પરિવર્તનશીલ પ્રક્રિયા છે તે શરૂથી માંડીને અંત સુધી ચાલતી નિરંતર પ્રક્રિયા છે. આ પ્રક્રિયાના મુખ્ય બે ઘટકો છે. (1) શિક્ષક (2) વિદ્યાર્થી. યોગ્ય શિક્ષણ આપવા માટે શિક્ષકે વિદ્યાર્થીને જાણવો ખૂબ જરૂરી છે કારણ કે વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે ભિન્નતાઓ રહેલી હોય છે.

પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ સાથે સંબંધિત વિવિધ ઘટકો અને ચલો વચ્ચેનો સંબંધ જાણી શકાશે, તેમની વચ્ચેની અસર જાણી શકાશે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે શિક્ષકો તથા વાલી પણ તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે. તેમના દ્વારા મળતુ બળ યોગ્ય દિશા નક્કી કરવામાં મદદ કરે છે.

પ્રસ્તુત અભ્યાસની મદદથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેનો સંબંધ જાણી શકાશે તેમજ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી કચાશ જાણીને જરૂરિયાત પ્રમાણે સ્વઅધ્યયન કરી પોતાની અંગ્રેજી વિષયની સિદ્ધિમાં વધારો કરી શકશે. તેમના શબ્દભંડોળ વિશેની માહિતી મેળવી શબ્દભંડોળમાં વધારો કરી શકશે.

શિક્ષક પણ કોણ કેટલુ નબળું છે ? કઈ બાબતમાં માર્ગદર્શનની જરૂર છે ? તે સ્પષ્ટ થતા યોગ્ય ઉપચારાત્મક કાર્ય પણ કરી શકશે. વળી અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધના આધારે નિમ્ન સંબંધ ધરાવતાં બાળકો માટે ઉપચારલક્ષી કાર્યક્રમ તૈયાર કરવાનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થશે.

વિદ્યાર્થીઓના શબ્દભંડાળ જાણવા માટે અને તેનો વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસ ટેવો સાથેનો સંબંધ જાણી તેમા સુધારો કરવા માટે પ્રસ્તુત અભ્યાસ ઉપયોગી નિવડશે.

### 1.3.0 સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલી સમસ્યા નીચે મુજબ છે.

**માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેમની અભ્યાસ ટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ**

An Investigation into the Relationship between Achievement in English and Their Study Habits and Vocabulary of the Students of Secondary Level

## 1.4.0 ચાવીરૂપ શબ્દોનું પારિભાષિકરણ

સમસ્યાકથનના સ્પષ્ટીકરણ માટે શીર્ષકમાં આવતા પારિભાષિક શબ્દોની સૈદ્ધાંતિક અને વ્યાવહારિક વ્યાખ્યા કરવામાં આવે છે. સામાન્ય રીતે વ્યવહારમાં વપરાતા ન હોય એવા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા દ્વારા સમસ્યાને વધારે સ્પષ્ટ કરવા સંશોધક અહીં પ્રયત્ન કરે છે. શબ્દોની સૈદ્ધાંતિક વ્યાખ્યા એટલે જે તે અભ્યાસનાં વિજ્ઞાનો કે શાસ્ત્રોમાં સ્વીકૃત પામેલી વ્યાખ્યા.

> "To define a problem means to put a Fence around it to separate by careful destination from like question found in relation from like question found in related situation need."[1]

પ્રસ્તુત અભ્યાસના ચાવીરૂપ શબ્દોની પરિભાષા નીચે મુજબ છે.

◈ **માધ્યમિક કક્ષા**

⇒ **સૈદ્ધાંતિક વ્યાખ્યા**

**જોડણીકોશ પ્રમાણે અર્થ (2007)**

"માધ્યમિક શાળાઓ : પ્રાથમિક પછીની શાળા, વિનયમંદિર"[2]

(પાના નં-638)

⇒ **વ્યાવહારિક વ્યાખ્યા**

કોઠારી શિક્ષણ કમિશન 1964-66 માં સમગ્ર દેશ માટે 10+2+3ની સામાન્ય તરેહ અપનાવવા માટેની ભલામણ કરી.આ સંશોધનમાં માધ્યમિક શાળા એટલે જેમાં સરકારમાન્ય પ્રાથમિક શાળાના સરકાર માન્ય માધ્યમિક શાળાના ધોરણ-8માં ઉર્ત્તિણ થઇને ધોરણ-9માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તથા સરકાર માન્ય માધ્યમિક શાળાના ધોરણ-9માં ઉર્ત્તિણ થઇને ધોરણ-10માં પ્રવેશ મળવનારા વિદ્યાર્થીઓને માધ્યમિકશાળાના વિદ્યાર્થીઓ તરીકે ઓળખવામાં આવે છે.એટલે જેમા ધોરણ-9 અને ધોરણ 10નો સમાવેશ થતી શાળાને માધ્યમિક શાળા તરીકે ઓળખાય છે.

**પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાઓના ધોરણ-9 અને ધોરણ-10 પૈકી ધોરણ-9નો સમાવેશ કરવામાં આવ્યો હતો.**

- **શૈક્ષણિક સિદ્ધિ :**

માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે છેલ્લા એક વર્ષના વિવિધ વિષયોમાં મેળવેલા ગુણની ટકાવારી શૈક્ષણિક સિદ્ધિ તરીકે ગણવામાં આવે છે.**પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની ટકાવારીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.**

- **અભ્યાસ ટેવો :**

- **સૈદ્ધાંતિક વ્યાખ્યા**

**કે.જી.દેસાઇ અને શાહ આર.પી**

‘‘વિષયવસ્તુ કે લોકો વિશે જાણવા માટે શીખનાર કેવી તરાહને અનુસરે છે અને સમસ્યા કે વિષય પરત્વે પોતાનું ધ્યાન કેવી રીતે પરોવે છે તેની લાક્ષણિકતાઓ કે ખાસિયતો’’ [3]

- **વ્યવહારિક વ્યાખ્યા**

પ્રસ્તુત અભ્યાસમાં  માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓ પાસેથી અભ્યાસટેવ સંશોધનિકામાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી એટલે અભ્યાસટેવો.

- **શબ્દભંડોળ :**

- **સૈદ્ધાંતિક વ્યાખ્યા**

**શબ્દનો સંગ્રહ કે જથ્થો**[4]

- શબ્દકોષ મુજબ એક કે એકથી વધુ અક્ષરોના સુમેળથી બનેલ પર્યાયયુક્ત શબ્દસમૂહ
- અંગ્રેજી, ગુજરાતી વિનયન શબ્દકોષ મુજબ Vocabulary એટલે કોઈ એક વ્યક્તિ દ્વારા કોઈ એક વિષય કે પુસ્તકમાં વપરાયેલ શબ્દો.

- **વ્યવહારિક વ્યાખ્યા**

પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. તેજલબેન પંડીત રચિત શબ્દભંડોળ કસોટીમાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી એટલે શબ્દભંડોળ.

## 1.5.0 **અભ્યાસનાં ચલો**

પ્રસ્તુત અભ્યાસના ચલો સારણી-1.1માં દર્શાવેલ છે

**સારણી-1.1**

**અભ્યાસનાં ચલો**

| **ક્રમ નં** | **ચલનું નામ** | **ચલનો પ્રકાર** |
|---|---|---|
| 1 | અંગ્રેજી વિષયની શૈક્ષણિક સિદ્ધિ | સ્વતંત્ર |
| 2 | અભ્યાસટેવો | સ્વતંત્ર |
| 3 | શબ્દભંડોળ | સ્વતંત્ર |
| 4 | જાતિ | પરતંત્ર |
| 5 | વિસ્તાર | પરતંત્ર |

## 1.6.0 **અભ્યાસના હેતુઓ**

કોઈપણ કાર્યને સફળ બનાવવા માટેનું સ્પષ્ટ નિશાન કે લક્ષ અથવા કોઈપણ કાર્ય કરવા પાછળના ચોક્કસ કારણને હેતુ કહી શકાય. હેતુ વગર સફળતાના માર્ગ સુધી પહોંચી શકાતું નથી.

**A.M.Patel (1989) ના માતાનુસાર,**

"હેતુઓ એવા બિંદુઓ છે કે જેની દિશામાં કાર્ય કરવામાં આવે છે અથવા હેતુઓનું વ્યવસ્થિત પરિવર્તન છે કે જે ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે"[5]

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતાં.

1. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને તેની કક્ષાનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો કક્ષાનો અભ્યાસ કરવો.

3. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અને તેની કક્ષાનો અભ્યાસ કરવો.
4. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
5. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
6. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
7. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
8. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચેના સંબંધનો વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
9. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો જાતિના સંદર્ભમાંઅભ્યાસ કરવો.
10. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
11. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો જાતિના સંદર્ભમાંઅભ્યાસ કરવો.
12. માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચેના સંબંધનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## 1.7.0 **અભ્યાસની ઉત્કલ્પનાઓ**

શૈક્ષણિક સંશોધનમાં ઉત્કલ્પનાનું ઘણું જ મહત્વ છે. ઉત્કલ્પના વગર સંશોધનનું ખેડાણ શક્ય નથી. આથી જ ઉત્કલ્પનાને સંશોધનની દીવાદાંડી કહેવામાં આવે છે. વળી, સમય અને નાણાંની બચત થાય છે.પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ નીચેની ઉત્કલ્પનાઓ રચવામાં કરવામાં આવી હતી. **એસ.પી.સુખિયા અને પી.વી. મહેરોત્રાના મત મુજબ,**

> "A Hypothesis is a shared guess or inference that is formulated and provisionally adopted to explain observed facts or conditions and to guide in future investigation."[6]

**પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.**

$HO_1$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_2$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને અભ્યાસટેવો વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_3$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_4$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અભ્યાસટેવો અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_5$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સાર્થક સહસંબંધ નહિં હોય.

$HO_6$ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની સિદ્ધિ અને શબ્દભંડોળ વચ્ચે સહસાર્થક સંબંધ નહિં હોય.

## 1.8.0 **અભ્યાસનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયની શૈક્ષણિક સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળના સંબંધ વચ્ચેનો અભ્યાસ કરવાનો હતો. તેથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન છે.

## 1.9.0 **અભ્યાસની મર્યાદાઓ**

જેમ સંશોધનનું મહત્ત્વ હોય છે તેવી જ રીતે સંશોધનની મર્યાદાઓ પણ હોય છે. જેથી કોઈપણ સંશોધન કરતાં તેની મર્યાદાઓ જાણી લેવી જોઈએ. **જહોન બેસ્ટ અને જે.વી.કહન(1989) જણાવે છે કે,**

> "The recognition helps to focus attention on valid objects and helps to minimize the dangers of over generation"[7]

**પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ હતી.**

1. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓ પૂરતો મર્યાદિત હતો.
2. પ્રસ્તુત અભ્યાસમાં મધ્ય ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
3. પ્રસ્તુત અભ્યાસ વર્ષ 2015-2016ના માધ્યમિક શાળાઓના ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9ના વર્ગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો.

## 1.10.0 **હવે પછીનાં પ્રકરણોનું આયોજન**

આપણે જાણીએ છીએ કે કોઈપણ કાર્યની સફળતામાં આયોજન મહત્ત્વનો ભાગ ભજવે છે. તે જ રીતે આ અભ્યાસની સફળતામાં પણ આયોજનનો ફાળો અમૂલ્ય છે.પ્રસ્તુત અભ્યાસનો સંપૂર્ણ અહેવાલ પાંચ-પ્રકરણોમાં વહેંચવામાં આવ્યો છે. હવે પછીના પ્રકરણોનું ટૂંકમાં આયોજન નીચે પ્રમાણે છે.

**પ્રકરણ-2 સંબંધિત સાહિત્યની સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણમાં સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં સંબંધિત સાહિત્યની સમીક્ષાનું મહત્ત્વ, શૈક્ષણિક સિદ્ધિ અંગેની સૈદ્ધાંતિક માહિતી, અભ્યાસટેવો અંગેની સૈદ્ધાંતિક માહિતી અને શબ્દભંડોળ વિશેની સૈદ્ધાંતિક માહિતી રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રકરણમાં પૂર્વે થયેલાં સંબંધિત સંશોધનોના સારાંશની સમીક્ષા, પ્રસ્તુત સંશોધનનું આગવાપણું વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ-3 સંશોધનની આધારશિલા અને સંશોધન યોજના**

પ્રસ્તુત પ્રકરણમાં સમસ્યાનો ઉદ્‌ભવ, વ્યાપવિશ્વ અને નિદર્શ પસંદગીની પદ્ધતિ, સંશોધન ઉપકરણ, સંશોધન પદ્ધતિ, માહિતી એકત્રીકરણ યોજના, માહિતી એકત્રીકરણ દરમ્યાન થયેલ અનુભવો અને માહિતી પૃથક્કરણની પ્રવિધિ અંગેની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ-4 માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત પ્રકરણમાં માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટનની બાબતો લેવામાં આવી છે. તેમાં માહિતીનું વર્ગીકરણ હેતુ તથા ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. જેમાં અંગ્રેજી વિષયની સિદ્ધિ, અભ્યાસટેવો અને શબ્દભંડોળની કક્ષા નક્કી કરવા માટે ચતુર્થક વિચલનની ગણતરી કરવામાં આવી હતી અને ત્યારબાદ ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી જયારે ઉત્કલ્પનાની ચકાસણી માટે સહસબંધાક અને સહવિચરણ પૃથક્કરણ મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. આ ઉપરાંત માહિતીની તુલના કરવા માટે આલેખાત્મક રજૂઆત કરવામાં આવી છે.

**પ્રકરણ-5 સંશોધન સારાંશ, તારણો, સૂચનો અને ભાવિ સંશોધનની દિશાઓ**

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસના અંતે સંશોધન સારાંશ, પ્રાપ્ત થયેલાં તારણો દર્શાવવામાં આવેલાં છે. તારણોના આધારે સૂચનો તથા ભાવિ સંશોધનો માટેના સૂચનો કરવામાં આવ્યા છે.

# અંત્યનોંધ


1. F.L. Whitney (1954). **Element of Educational Research,** New Delhi : Prentice Hall of India Pvt. Ltd. P.No.80.
2. મફતલાલ એ. ભાવસાર (2007). **નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ,** નવભારત સાહીત્ય મંદીર :મુંબઇ, પાન નંબર-638.
3. કે.જી. દેસાઈ અને શાહ આર. પી., **શૈક્ષણિક પરિભાષા અને વિભાવના** (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, 2000, પૃ – 232..
4. ભગવદ્ગોમંડળ ભાગ-9, (2007) (રાજકોટ : પ્રવિણ પ્રકાશન પ્રા. લિ.), પ. 8264.
5. એ.એમ.પટેલ (1989). **બી.એડ્. પ્રાયોગિક પાઠો અને સુપરત કાર્યોની સફળતાનીગુરૂચાવી,** વલ્લભ વિદ્યાનગર : પ્રકાશ લિ. પૃ.નં. 22.
6. S.P. Sukhiya and P.V. Mehrotra, (1966), **Elements of Educational Research,** Bombay : Allied Publishers Pvt. Ltd. P-73.
7. J. W. Best & J. V. Kahan, **Research in Education**, New Delhi: Prentice Hall of India Pvt. Ltd., (1996), Page No.129.